





# ભારતનો સૌથી મોટો પેનલ અને વુડ ઈન્ડસ્ટ્રીનો મશીન મોલ

ભારતના અર્થતંત્રમાં વુડ ઈન્ડસ્ટ્રીઝનો ફાળો ઘણો મોટો છે. આ ઈન્ડસ્ટ્રીમાં વુડ વર્કીંગ અને પેનલ વુડ ઈન્ડસ્ટ્રી માટે મશીનરી બનાવતી અને વેચાણ કરતી સૌથી મોટી કંપની તરીકે જય ઈન્ડસ્ટ્રીઝના નામથી ભાગ્યે જ કોઈ અપરિચિત હશે. ૧૯૬૫થી ૯૫ અને ૧૯૯૫ થી ૨૦૦૯ આ બે સમયગાળા વુડ ઈન્ડસ્ટ્રી માટે પરિવર્તન, ગતિ અને પ્રગતિ તથા મશીનરી ઈન્ડસ્ટ્રીમાં નોંધપાત્ર યોગદાન માટે મહત્વના સાબિત થયા છે. ગુણવત્તા, વ્યાજબી કિંમત અને સંતોષ, આ ત્રણેય વસ્તુઓ ગ્રાહકને માટે મહત્વની છે, પેનલ અને વુડ ઈન્ડસ્ટ્રીની મશીનરીની આ ત્રણેય માંગણીઓ જય ઈન્ડસ્ટ્રીઝ એક જ જગ્યાએ સંતોષે છે અને આ માટે તેણે અમદાવાદના આંગણે એક વિશાળ, અદ્યતન મશીન મોલ ઉભો કર્યો છે જેનું નામછે... જય પાનવુડ ગ્રાન્ડ. એક વિશાળ, અદ્યતન પ્રદર્શન મેળાની ઝાંખી કરાવતો આ મોલ અમદાવાદ એરપોર્ટથી ૧૦ કિ.મી. અને રેલ્વે સ્ટેશનથી ૫ કિ.મી. દૂર અમદાવાદના ઓઢવ - રખિયાલ રોડ પર








૨૫૦૦૦ ચો. ફૂટના વિસ્તારમાં આવેલો છે જયાં તમને રૂા. ૫૦૦૦થી માંડીને ૫૦ લાખ રૂપિયાની કિંમતનાં મશીન જોવા પણ મળે અને તુરંત ખરીદી પણ શકો. મશીનને જોઈને, તુરંત ખરીદી કરવાનો આ અનોખો મોકો આપનાર મશીન મોલ ૪૫ વર્ષના અનુભવની ઝાંખી કરાવે છે. આ એક અદ્ભૂત અનુભવ છે. અહીં પ્રથમવિભાગ છે - જય વુડ પ્રો. (Jai Wud Pro.) જેમાં કોમ્બીપ્લેનર, થીકનેશપ્લેનર, સનરફેઈસ પ્લેનર, મોલ્ડીંગ મશીન્સ, સ્પે. ડીઝાઈન મશીન્સ, વુડ સૉ, મોર્ટાઈઝર્સ, ટેનનીંગ મશીન્સ, સેન્ડર્સ તથા અન્ય પ્રકારની મશીનરીના ૧૫૦ જેટલા મોડલ્સ રજૂ કરવામાં આવ્યા છે.

અત્યાર સુધીમાં ૨ લાખ જેટલા વુડ પ્રો. મશીન "જય" દ્વારા વેચવામાં આવ્યા છે.

બીજા વિભાગમાં - **જય મોડ્યુલા- Jai Modula** સીરીઝ રજૂ કરવામાં આવી છે જેમાં પેનલ પ્રોસેસીંગને લગતી મશીનરી રજૂ કરવામાં આવી છે. સન ૨૦૦૦માં જય દ્વારા "મોડ્યુલા" સીરીઝની પેનલ પ્રોસેસીંગ મશીનરી બજારમાં મુકવામાં આવી.

**ત્રીજા વિભાગમાં - Jai SCM** સીરીઝની પેનલ પ્રોસેસીંગ મશીનરી રજૂ કરવામાં આવી છે. વુડ વર્કીંગ મશીનરી બનાવતી વિશ્વની અગ્રણી અને ૫૦ વર્ષ જૂની ઈટાલિયન કંપનીએ ભારતની અગ્રણી જય કંપની સાથે સહયોગ સાધી ભારતમાં પોતાનું બજાર પ્રાપ્ત કર્યું છે. ૧૮ ફેક્ટરી, ૨૩ સબસીડરી કંપની, ૩૦૦૦ કર્મચારી અને ૭૦ ટકા નિકાસ ધરાવતી વિશ્વની ટોચની SCM કંપની સાથે સહયોગ સાધી જય ઈન્ડસ્ટ્રીઝએ ભારતની વુડ બેઝ ઈન્ડસ્ટ્રીઝને તેની જરૂરિયાતનું ઉત્તમબજાર પુરું પાડ્યું છે. જય SCM વિભાગમાં પેનલ સૉ, બીમ સૉ એઝ બેન્ડર, સીએનસી રાઉટર, મલ્ટીસ્પીન્ડલ બોરીંગ મશીન્સ, સ્પીન્ડલ મોલ્ડર્સ, ડબલ એન્ડ ટેનનર, ફોર સાઈડ મોલ્ડર્સ, વાઈડ બેલ્ટ સેન્ડર્સ વિગેરે મશીન રજૂ કરવામાં આવ્યા છે.







જય ટૂરનલાર - **Jai Turanlar**

આ વિભાગમાં સ્પેશિયલાઈઝ પેનલ પ્રોસેસ મશીન રજૂ કરવામાં આવ્યા છે. તુર્કીની જાણીતી કંપની ટૂરનલાર સાથે હાથ મિલાવી જય ઈન્ડસ્ટ્રીઝએ પોતાની યશ કલગીમાં એક વધુ પીછું ઉમેર્યું છે. રોલર પ્રેસ, પોસ્ટ ફોર્મીંગ, (થ્રુ ફીડ ઓટો), સ્પીન્ડલ મોલ્ડર (થ્રુ ફીડ-ઓટો) ડસ્ટ કલેક્ટર વિગેરે મશીન રજૂ કરવામાં આવ્યા છે.

## જય ઈન્ડસ્ટ્રીઝની વિકાસ યાત્રા -

આજથી ૪૫ વર્ષ પહેલા એટલે કે ૧૯૬૫માં જય ઈન્ડસ્ટ્રીઝની સ્થાપના કંપનીના હાલના સર સંચાલક શ્રી નિખીલભાઈ શાહ અને શ્રી નિરવભાઈ શાહના પિતાશ્રી સ્વ. નિરંજનભાઈએ અમદાવાદના રખિયાલ વિસ્તારમાં આવેલ ૯૦ ચો. મીટર જગ્યામાં કરી. તે સમયે ભારતમાં વુડ વર્કીંગ મશીનરી ક્ષેત્રે ઝાઝો વિકાસ થયો ન હતો. ખાસ કરીને ગુજરાતના સૌરાષ્ટ્રમાં છેવાડે આવેલ જામખંભાળીયાના રંધા મશીનની બોલબાલા વધારે હતી. જરૂરિયાતના પ્રમાણમાં રંધા મશીન ઓછા બનતા તેથી ઉત્પાદકોનો હાથ ઉંચો રહેતો. નિરંજનભાઈના ઔદ્યોગિક એકમમાં મહિને ૪ થી ૫ રંધા મશીન બનતા. લગભગ ૧૯ વર્ષની વ્યાવસાયિક તપસ્યા કર્યા પછી પણ શ્રી નિરંજનભાઈનું આ સાહસ ૧૯૮૪માં મહિને ૮ થી ૧૦ મશીનની ઉત્પાદન ક્ષમતાએ પહોંચ્યું. સ્વ. શ્રી નિરંજનભાઈની સંઘર્ષ યાત્રાનો આ કપરો સમય હતો. આવા સમયે તેમના બે પુત્રો શ્રી નિખીલભાઈ (૨૫ વર્ષ) જેઓ બી.ઈ. થયેલા હતા અને શ્રી નિરવભાઈ (૨૦ વર્ષ) જેઓ કોમર્સ ગ્રેજ્યુએટ હતા તેઓ આ ધંધામાં જોડાયા. બંને ભાઈઓએ ૧૯૮૪ થી ૮૬ સુધીમાં ધંધામાં અનુભવ લીધો. ૧૯૭૫ થી ૧૯૮૫ સુધીમાં કંપનીએ ભારતના દક્ષિણ પ્રાંતમાં પોતાની કંપનીની બ્રાન્ડ ઈમેજ સ્થાપવાની સારી શરૂઆત કરી હતી. ડીલર્સ નેટવર્ક ધીમે ધીમે ગોઠવાતું જતું હતું . પરંતુ કંપનીનો સારો સમય હજુ હવે આવવાનો હતો. ૧૯૮૫ થી ૧૯૯૫ના દશ વર્ષના













ગાળા દરમ્યાન ભારતભરમાં ડીલર્સ નેટવર્ક સ્થાપવાના પ્રયાસોને સારી સફળતા મળવા લાગી. ડીલર્સ નેટવર્ક સ્થપાતુ ગયું. બંને ભાઈઓની વેપારી સૂઝ બૂઝ, દીર્ઘદષ્ટિ અને ધગશે પરિણામઆપવા માંડ્યું. તેમણે જોયું કે જામખંભાળીયાના મશીન ઉત્પાદકો માંગના પ્રમાણમાં ઉત્પાદન ઓછું હોવાથી ગ્રાહકોને સમયસર માલ પૂરો પાડી શકતા ન હતા. આ હકીકતને ધ્યાનમાં લઈ કંપનીએ ગ્રાહકોને વ્યાજબી ભાવે, સમયસર મશીનની ડીલીવરી આપવાની બાબતને પ્રાધાન્ય આપ્યું અને મશીનનું ઉત્પાદન વધારવાના પ્રયાસો આદર્યા. રખિયાલ-ઓઢવ રોડ પર સોનીની ચાલ પાસે ૧૯૯૦માં નવું કારખાનું શરૂ કર્યું અને ૨૫ થી ૩૦ મોડલના મશીન બનાવવા શરૂ કર્યા. મહિને ૩૦૦ થી ૪૦૦ મશીન બનવા લાગ્યા, જે ઉત્પાદન સિદ્ધિ તે સમયે વિરલ ગણાતી, બીજા પાંચ વર્ષમાં એટલે કે ૧૯૯૫ સુધીમાં તો વુડ વર્કીંગ મશીનના નવા ૨૫ જેટલા મોડલ ઉમેરવામાં આવ્યા. તે પછીના પાંચ વર્ષમાં દર વર્ષે પાંચ મોડલ ઉમેરાતા ગયા.

૧૯૯૦થી ૨૦૦૦નો સમય ગાળો સમગ્ર વુડ ઈન્ડસ્ટ્રી માટે વિકાસ માટે ઉત્તમ હતો અને જય ઈન્ડસ્ટ્રીઝ માટે પણ તે સમયગાળો સોનેરી પુરવાર થયો. વુડ વર્કીંગ મશીનરી ક્ષેત્રે જય ઈન્ડસ્ટ્રીઝે આ સમયગાળામાં ભારતભરમાં પોતાની લોકપ્રિયતા પુરવાર કરવાની તક ઝડપી અને ભારતમાં સૌથી મોટું ડીલર્સ નેટવર્ક સ્થાપી તે તકને સિદ્ધિમાં પલટી. ૧૯૯૫માં વુડ વર્કીંગ મશીનરી ક્ષેત્રે ભારતની નં. ૧ કંપની તરીકે કંપનીએ સ્થાન મેળવી. સન ૨૦૦૦ સુધીમાં તે વુડ વર્કીંગ મશીનનું સૌથી વધુ વેચાણ કરનાર કંપની બની. ત્યારબાદ વિકાસની દોડમાં તેણે કદી પાછુ વળીને જોયું નથી. વુડ બેઝ ઈન્ડસ્ટ્રીઝની મશીનરી ઉત્પાદન અને વેચાણ ક્ષેત્રે સૌથી સફળ કંપનીના પાયામાં સંઘર્ષ, દીર્ઘદષ્ટિ અને આધુનિક માર્કેટીંગ પ્રણાલીનું મહત્વનું યોગદાન છે જેમાં ગ્રાહકલક્ષી નીતિઓને પ્રાધાન્ય મળ્યું છે. એક જ ગ્રાહકને એક જ જગ્યાએ તેની વધુમાં વધુ અથવા બધી જરૂરિયાતો સંતોષી જય ઈન્ડસ્ટ્રીઝે તેના ક્ષેત્રના માર્કેટનો સૌથી મોટો હિસ્સો કબજે કરવાનો જાદુ ચલાવ્યો છે. કેસ સ્ટડી માટેનો આ એક વિરલ કિસ્સો છે, જેના વિકાસના ઘણાં પગથિયા હજુ તો ગણવાના બાકી હતા.

સન ૨૦૦૦થી ૨૦૦૫ના સમયગાળામાં વુડ વર્કીંગ તથા પેનલ વુડ મશીનરીના સૌથી મોટા મેન્યુફેક્ચરર તથા ડીલર તરીકે "જય ઈન્ડસ્ટ્રીઝ"નું નામગૂંજતુ થયું હતું. ૨૦૦૦ની સાલમાં ભારતમાં સ્પેશ્યિલ મોલ્ડીંગ મશીન તથા કોમ્બીનેશન મશીન વપરાતા થયા જેમાં




જય ઈન્ડસ્ટ્રીઝે ઝંપલાવી માર્કેટ સર કર્યુ. ૨૦૦૦-૨૦૦૫ના સમય ગાળામાં ૧૫૦ જેટલા મશીન મોડેલો "જય" એ વિકસાવ્યા. ભારતભરમાં ૨૦૦થી વધુ ડીલર્સનું નેટવર્ક લગભગ બધા રાજ્યોમાં ગોઠવાયું અને મશીનોનું સૌથી વધુ સેલ્સ થયું. દક્ષિણ ભારતમાં "જય" સામ્રાજ્યની મજબૂત પકડ બની.

સન ૨૦૦૫ થી ૨૦૦૯ના સમયગાળામાં પેનલ પ્રોસેસીંગ મશીન ક્ષેત્રે "જય ઈન્ડસ્ટ્રીઝ" એ હરણફાળ ભરી. આ સમયગાળા દરમ્યાન



## "જય ઈન્ડસ્ટ્રીઝ"ની તવારિખ

| | |
|---|---|
| ૧૯૬૫ | સ્વ. નિરંજભાઈ શાહએ અમદાવાદના રખિયાલ વિસ્તારમાં ૯૦ ચો. મીટર જગ્યામાં કંપનીની શરૂઆત કરી. જ્યાં મહિને ૪ થી ૫ રંધા મશીન બનતા. |
| ૧૯૮૪-૮૬ | સ્વ. નિરંજનભાઈના બે પુત્રો નિખીલ શાહ તથા નિરવ શાહએ કંપનીના કારોબારમાં ઝંપલાવ્યું. |
| ૧૯૯૦ | કંપનીની જરૂરિયાત સંતોષવા રખિયાલ-ઓઢવ રોડ પર સોનીની ચાલ પાસે મોટી જગ્યામાં ફેક્ટરીનું સ્થળાંતર કરવામાં આવ્યું. ૨૫ થી ૩૦ મોડલમાં મહિને ૩૦૦ થી ૪૦૦ જેટલા મશીનો બનવા લાગ્યા. |
| ૧૯૯૫ | વુડ વર્કીંગ મશીનરીની ભારતની સૌથી મોટી કંપની બની. |
| ૨૦૦૦ | સૌથી વધુ વિશાળ રેન્જમાં મશીનરી બનાવતી અને સૌથી મોટું ડીલર્સ નેટવર્ક ધરાવતી કંપની બની. સ્પેશ્યિલ મોલ્ડીંગ, કોમ્બીનેશન અને રાઉટર મશીનો બનાવવા લાગ્યા. મહિને ૧૫૦૦ જેટલા મશીનો બનવા લાગ્યા. |
| ૨૦૦૫-૨૦૦૯ | પેનલ પ્રોસેસીંગ મશીનરી ક્ષેત્રે ઝંપલાવ્યું. વિશ્વની જાણીતી ઈટલીની કંપની SCM અને તૂર્કીની Turanlar કંપની સાથે સહયોગ સાધ્યો.<br>૩૦૦થી વધુ મોડલમાં ૨ લાખથી વધુ વુડવર્કીંગ તથા પેનલ પ્રોસેસીંગ મશીનોનું વેચાણ.<br>ભારતમાં ૨૦૦થી વધુનું ડીલર્સ નેટવર્ક. ૫૦૦થી વધુ માણસો કામકરે છે. અનેક દેશોમાં મશીનરીની નિકાસ કરે છે.<br>૧૯૯૯ના પ્રથમઈન્ડિયાવુડ પ્રદર્શન મેળાથી લઈ આજ સુધીના તમામઈન્ડિયા વુડ પ્રદર્શન મેળા (બેંગ્લોર)માં ભાગ લેતા આવ્યા છે.<br>કંપની "જય" (Jai) નામથી ઈલેક્ટ્રીક મોટર્સ પણ બનાવે છે.<br>ભવિષ્યની યોજનામાં - ભારતના મોટા શહેરો (મુંબઈ, ચેન્નાઈ, દિલ્હી, કલકત્તા, બેંગ્લોર વિ.)માં ચેનલ પાર્ટનર્સ દ્વારા અથવા પોતાના સેલ્સ એન્ડ સર્વિસ સેન્ટરો ખોલવાની યોજના છે જેમાં હાલમાં મુંબઈ તથા ચેન્નાઈમાં આ પ્રકારના સેન્ટર શરૂ થઈ ગયા છે.<br>જયનું સૂત્ર છે "Spirit of Excellence" |

Jai WudPro

Jai Modula
World-class panel processing m/cs

Jai scm
European panel and wood m/cs

Jai TURANLAR
Specialized panel-process m/cs

ભારતમાં પેનલ પ્રોસેસીંગ મશીનની જરૂરિયાત વધતી જતી હતી, જેનો લાભ આ ઈન્ડસ્ટ્રીઝએ મેળવ્યો.

ઈન્ડિયા વુડ પ્રદર્શન મેળામાં શરૂઆતથી ભાગ લેનાર જય ઈન્ડસ્ટ્રીઝને તેના ક્ષેત્રમાં વિશાળ અનુભવ અને આંતર રાજ્ય તથા આંતર રાષ્ટ્રીય પ્લેટફોર્મ પ્રાપ્ત થયા હતા જેનો લાભ તેમણે પોતાના માર્કેટીંગ કૌશલ્યથી ધંધાના વિકાસમાં પાથર્યો. ૨૦૦૬માં બેંગ્લોર ખાતે યોજાયેલ ઈન્ડિયા વુડ પ્રદર્શન મેળામાં તેઓને પેનલ પ્રોસેસીંગ મશીનરીની ઘણી માહિતી વૈશ્વિક વેપારની તકો તથા ઓર્ડર્સ મળ્યા.

૨૦૦૮ સુધીમાં તેમણે પેનલ પ્રોસેસીંગ મશીનરીની પૂરી રેન્જ બજારમાં મૂકી અને ૨૦૦૮ના ઈન્ડિયા વુડ (બેંગ્લોર) પ્રદર્શન મેળામાં ૯૦૦ ચો. મીટર જેટલી વિશાળ જગ્યા મેળવી અદ્યતન સ્ટોલમાં પોતાના મશીનો રજૂ કર્યા જેને મુલાકાતીઓએ રૂબરૂ નિહાળી, માહિતી મેળવી, અને પ્રસંશા કરી. આ બે વર્ષના સમયગાળા દરમિયાન ઈટાલીની એસસીએમ(SCM) કંપની સાથે કોલોબ્રેશન કરી જય ઈન્ડસ્ટ્રીઝે ભારતમાં પોતાનું બજાર વિકસાવ્યું.

૨૦૦૯ની સાલમાં તૂર્કીની તુરનલાર (Turanlar) કંપની સાથે સહયોગ સાધી પોતાની યશ કલગીમાં એક વધુ પીછું ઉમેર્યું. એક તરફ પોતાની "જય" બ્રાન્ડની મશીન શૃંખલા અને વિદેશી કંપનીઓના સહયોગથી ઉત્તમસેલ્સ એન્ડ સર્વિસ પૂરી પાડી જય ઈન્ડસ્ટ્રીઝએ લગભગ ૩૦૦ મોડલમાં બે લાખથી વધુ મશીનો




જય પાનવુડ મશીન મોલ - ચેન્નાઈ




ભારતમાં વેચ્યા છે જે તેની ઉત્તમ ઉત્પાદન, વેચાણ દર્શન કરાવે છે.

પિતા શ્રી નિરંજનભાઈની વિદાય બાદ પણ તેમના બે પુત્રો નિખીલભાઈ અને નિરવભાઈની વેપારી સૂઝબૂઝ, દાદ માંગી લે તેવી માર્કેટીંગ વ્યવસ્થા, સફળતા અને સિદ્ધિ પ્રાપ્તિની ભૂખ અને દિશા સૂઝથી આ ઉદ્યોગને એક વિરલ - કેસ સ્ટડીરૂપ કંપની પ્રાપ્ત થઈ છે. આવી બે હસ્તીઓને થોડો સમય મળી આલેખવાથી કંઈ આખો ઈતિહાસ લખાઈ જતો નથી પરંતુ તેની ઝાંખી કરાવી પ્રેરણા પ્રાપ્ત કરવા માંગતા ઘણાને એક પ્રેરણારૂપ દૃષ્ટાંત મળે છે.

